# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.07.2026** **MORNING: 7.45 TO 7.55**

**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ત્રણ દેશોની મુલાકાતના છેલ્લા તબક્કામાં ન્યુઝીલેન્ડ પહોંચશે

2) ત્રીજા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક શિખર સંમેલન દરમિયાન, ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ આપવા સંમત

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સુરક્ષિત સરહદ, સમૃદ્ધ સરહદી ક્ષેત્ર અને સતર્ક સમાજ મળીને દેશને સુરક્ષિત બનાવી શકે

4) ઈરાનના ભૂતપૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીને મશહદમાં ઇમામ રેઝા દરગાહ ખાતે દફનાવવામાં આવ્યા

5) ફિફાવિશ્વકપમાં , ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-NEWZELAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ન્યુઝીલેન્ડ મુલાકાતને લઈને ઓકલેન્ડમાં ઉત્સાહનો માહોલ છે. લગભગ ચાર દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની ન્યુઝીલેન્ડની આ પહેલી મુલાકાત હશે. ન્યુઝીલેન્ડમાં રહેતા ભારતીય સમુદાય તેમજ તેના નાગરિકો આ ઐતિહાસિક પ્રસંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.સાંભળીએ આ અંગે એક અહેવાલ

**(બાઇટ – MANJUMEEENA)**

# PM AUSTRALIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ તેના અંતિમ પડાવની નજીક છે. શ્રી મોદી આજે મેલબોર્નમાં અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે અને ત્રણ દેશોના પ્રવાસ પર રવાના થશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, શ્રી મોદી આજે ઓસ્ટ્રેલિયાના વિપક્ષી નેતા એંગસ ટેલર સાથે મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધો અને રાજકીય સહયોગને વધુ ગાઢ બનાવવા પર વ્યાપક ચર્ચા કરશે.

દરમ્યાન ભારત અને ઓસ્ટ્રેલિયાએ સંરક્ષણ અને સુરક્ષા સહયોગ પર સંયુક્ત ઘોષણાપત્ર અને મુક્ત, ખુલ્લા અને સમાવિષ્ટ ભારત-પ્રશાંત ક્ષેત્રને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી દરિયાઈ સુરક્ષા સહયોગ માટે એક રોડમેપ અપનાવ્યો છે. ગઈકાલે મેલબોર્નમાં ત્રીજા ઓસ્ટ્રેલિયા-ભારત વાર્ષિક નેતાઓના શિખર સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસ વચ્ચે પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો બાદ આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

વાટાઘાટો પછી એક સંયુક્ત પ્રેસ નિવેદનમાં, પ્રધાનમંત્રી  મોદીએ કહ્યું કે, ઈન્ડો-પેસિફિક ફક્ત બે મહાસાગરોનું મિલન બિંદુ નથી પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા સમાન વિચારધારા ધરાવતા લોકશાહી દેશોની સહિયારી આકાંક્ષાઓ દર્શાવે છે.

[બાઈટ -  PM MODI- MARITIME SECURITY)

બાદમાં મીડિયાને માહિતી આપતા, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ ભારતને ઓસ્ટ્રેલિયન યુરેનિયમના લાંબા ગાળાના પુરવઠા માટે વહીવટી વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપ્યું છે પ્રધાનમંત્રી  મોદી અને ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસ વચ્ચેની વાતચીત બંને નેતાઓ વચ્ચે વધતી જતી વ્યૂહાત્મક ભાગીદારી અને પરસ્પર સમજણને પ્રતિબિંબિત કરે છે.

# AMIT SHAH-HM SP CONFERENCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, સુરક્ષિત સરહદ, સમૃદ્ધ સરહદી ક્ષેત્ર અને સતર્ક સમાજ મળીને દેશને સુરક્ષિત બનાવી શકે છે. ગઇકાલે નવી દિલ્હીમાં સરહદી જિલ્લાઓના પોલીસ અધિક્ષકોના સંમેલનને સંબોધતા તેમણે કહ્યું કે, સરકાર ઘૂસણખોરી મુક્ત દેશ સુનિશ્ચિત કરવા માટે મજબૂત પદ્ધતિઓ વિકસાવી રહી છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

(બાઈટ – સકલેન)

શ્રી શાહે જણાવ્યું હતું કે, સરકારે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળ સરહદી વિસ્તારોમાં ઝડપથી માળખાગત સુવિધાઓ વિકસાવી છે અને સરહદી ગામડાઓમાં રોજગાર અને વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત-મ્યાનમાર સરહદ પર વાડ બનાવવાનું કામ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારનો ધ્યેય ગેરકાયદેસર ઘૂસણખોરી, માદક દ્રવ્યો હેરફેર, સાયબર ક્રાઇમ અને સંગઠિત ગુનાઓને અસરકારક રીતે રોકવાનો અને સરહદી વિસ્તારોને વધુ સુરક્ષિત અને રહેવા યોગ્ય બનાવવાનો છે.

# NIRMALA SITHARAMAN GCC

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, ભારત તેના કુશળ કાર્યબળ, મજબૂત સંસ્થાઓ અને નવીનતા ઇકોસિસ્ટમને કારણે વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર (GCCs) માટે પસંદગીના સ્થળ તરીકે ઉભરી રહ્યું છે.

નવી દિલ્હીમાં કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત નેશનલ GCC બિઝનેસ સમિટ ને સંબોધતા, શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે દેશમાં 2,100 થી વધુ વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર (GCCs) છે, જે 23 લાખ વ્યાવસાયિકોને સીધી રીતે રોજગારી આપે છે અને વાર્ષિક આવક આશરે 100 બિલિયન અમેરિકી ડોલરનું ઉત્પાદન કરે છે. તેમણે કહ્યું કે, વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર સતત નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એન્જિનિયરિંગ, સંશોધન, AI, સાયબર સુરક્ષા, ફાઇનાન્સ, પ્રોડક્ટ ડિઝાઇન અને ડેટા સાયન્સને એકસાથે લાવીને પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAYSHANKER-OMAN

કુવૈતની મુલાકાત બાદ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે ઓમાન પહોંચ્યા. ઓમાનના વિદેશ મંત્રાલયના મહાનિર્દેશક શેખ અહેમદ અલ મસ્કરીએ તેમનું સ્વાગત કર્યું. ડૉ. જયશંકર કતાર, બહેરીન, કુવૈત, ઓમાન, ન્યુ યોર્ક અને બ્રસેલ્સની અગિયાર દિવસની મુલાકાતે છે.

# WB-BJP RAJYA SABHA

ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળમાં રાજ્યસભા પેટાચૂંટણી માટે સુખેન્દુ શેખર રોય, સુષ્મિતા દેવ અને પ્રકાશ ચિક બરૈકને પોતાના ઉમેદવારો તરીકે જાહેર કર્યા છે. આ ત્રણેય બેઠકો માટે મતદાન 24 જુલાઈએ થશે. આ ત્રણેય નેતાઓ તાજેતરમાં જ ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ છોડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે.

# GOA - ONE NATION ONE ELECTION

પ્રસ્તાવિત એક રાષ્ટ્ર, એક ચૂંટણી કાયદાની તપાસ કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ આજે અને કાલે ગોવામાં વ્યાપક ચર્ચા કરશે. સમિતિ તેની ભલામણોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા સમાજના વિવિધ વર્ગોના મંતવ્યો એકત્રિત કરવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગ રૂપે ગોવાનો પ્રવાસ કરી રહી છે.

# GOVERNMENT -CUSTOMS DUTY

સરકારે સ્માર્ટફોન, લેપટોપ, પહેરી શકાય તેવા સ્માર્ટ ઉપકરણો અને સ્માર્ટ ટીવી જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ડિસ્પ્લે એસેમ્બલી, લિથિયમ-આયન કોષો અને ઇન્ડક્ટર કોઇલ મોડ્યુલોના ઉત્પાદનમાં વપરાતી સામગ્રી પર મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે.

નાણા મંત્રાલયે ઇલેક્ટ્રોનિક ઉપકરણોના આ ત્રણ મુખ્ય ઘટકોના ઉત્પાદનમાં વપરાતી સામગ્રી પર મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપતા ત્રણ અલગ-અલગ સૂચનાઓ જારી કરી છે.

મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાં આ મુક્તિ ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ યોજના હેઠળ સ્થાનિક ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોને અનુરૂપ છે. આનાથી આયાત પર નિર્ભરતા ઓછી થશે અને સ્થાનિક ઉત્પાદનને વેગ મળશે, જેનાથી દેશમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઇકોસિસ્ટમ મજબૂત બનશે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું હતું કે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના મુખ્ય ઘટકો પર મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય મૂલ્ય શૃંખલા અને ઉત્પાદન ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે.

# KHAMNENI

ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીને મશહદ સ્થિત ઇમામ રેઝા દરગાહ ખાતે દફનાવવામાં આવ્યા છે, જ્યાં હજારો સમર્થકો તેમના અંતિમ સંસ્કાર માટે ભેગા થયા હતા. તેમના મોટા પુત્ર, સૈયદ મુસ્તફા ખામેનીએ ધાર્મિક નમાઝ અદા કરી હતી.

આ વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા -ઇઝરાયલી હુમલામાં આયાતુલ્લાહ અલી ખામેની માર્યા ગયા હતા, જેના કારણે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં વ્યાપક સંઘર્ષ શરૂ થયો હતો.

# FIFA

ફૂટબોલ વર્લ્ડ કપમાં મોરોક્કોને 2-0 થી હરાવીને ફ્રાન્સે સેમિફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે.

અમેરિકાના બોસ્ટનમાં રમાયેલી પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં પહેલા હાફ સુધી કોઈ ગોલ થયો ન હતો. બીજા હાફમાં, કાયલિયન એમબાપ્પેએ 60મી મિનિટે અને ઓસ્માન ડેમ્બેલેએ 66મી મિનિટે ગોલ કરીને ફ્રાન્સને વિજય અપાવ્યો. એમબાપ્પે 30 વર્ષની ઉંમર પહેલા વર્લ્ડ કપમાં 20 ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે. ફ્રાન્સ સતત ત્રીજી વખત વર્લ્ડ કપની સેમિફાઇનલમાં પહોંચ્યું છે. આજે રાત્રે બીજા ક્વાર્ટર ફાઇનલમાં સ્પેન બેલ્જિયમ સામે ટકરાશે. આ દરમિયાન, નોર્વેનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે અને આર્જેન્ટિનાનો મુકાબલો સ્વિટ્ઝર્લેન્ડ સામે થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે  રિદ્ધિ ઉંધાડ

- આજના અખબારોમાં ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે યુરેનિયમ સામજૂતી, અમેરિકા ઈરાન સઘર્ષ, સમગ્ર દેશમાં ચોમાસું સક્રિય, વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી જેવા સમાચારો જોવા મળે છે.
- ફૂલછાબે ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ આપશે, ચીનને ઝટકો મથાળા સાથે હેડલાઇન સમાચાર બનાવ્યા છે. આ ઉપરાંત ચાબહારને નિશાન બનાવી અમેરિકાનો ભીષણ હુમલો, સુરતમાં ખાડીપૂર રોકવા 500 કરોડનું પેકેજ જાહેર જેવા સમાચારોને આજના અંકમાં સ્થાન આપ્યું છે.
- અમેરિકાની ચાબહાર પોર્ટ, અણુ મથક સહિત 90 સ્થળે સ્ટ્રાઈક આ ગુજરાત સમાચારની હેડ લાઇન છે, આ ઉપરાંત AI ની વિશ્વના ટેક સેક્ટર પર અસર 2026માં એક લાખ 20 હજાર છટણી, ડાયાબિટીસના દર્દીઓ માટે સપ્તાહમાં ઇન્સ્યુલિનનો એક ડોઝ ભારતમાં લોન્ચ, સલાયાનું મળવાહક જહાજ ઓમાનના દરિયામાં ડૂબ્યું જેવા સમાચાર જોવા મળી રહ્યા છે.
- સંદેશે ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ આપવા સંમત આ હેડ લાઇન સાથે સમાચાર પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત ઇન્ટરપોલ 97 દેશોમાં સપાટો બોલાવ્યો પાંચ હજાર 811ની ધરપકડ બે હજાર 500 કરોડ ફ્રીઝ. **AMTS BRTS**ના કેટલાક બસચાલકો બેકાબુ, રાજ્યમાં ડેટા સેન્ટર નીતિ દ્વારા ત્રણ વર્ષમાં 6 લાખ કરોડનું રોકાણ મેળવવાનો ટાર્ગેટ જેવા સમાચારને પ્રકાશિત કર્યા છે.
- અમેરિકા ઈરાન વચ્ચે જંગ જારી એકબીજાના મથકો પર હુમલા નવગુજરાત સમયની હેલાઇન છે.